ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે છેલ્લી ઘડીના પ્રચાર માટે તમામ રાજકીય પક્ષોએ એડી ચોટીનું જોર લગાવી દીધુ હતુ. પેથાપુર વિસ્તારમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા રોડ શૉ નું આયોજન કરવામાં આવ્યુ હતુ. ખૂબ મોટી સંખ્યામાં કાર્યકરો આ રેલીમાં જોડાયા હતા.

ચૂંટણી કાર્યાલયો પર ભોજન-નાસ્તાની પ્રથાને પગલે શહેરના કેટરર્સને તડાકો

પક્ષના કાર્યકરોથી માંડીને મુલાકાતીઓને સાચવવા અને ''માહોલ જમાવવા'' સતત ગરમાગરમ નાસ્તા પીરસાય છે

ગાંધીનગર, તા. ૧

આજથી ગાંધીનગર મહાનગરપાકિાના પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે. જો કે પ્રચાર કાર્ય માટે દરેક વોર્ડમાં બનાવાયેલા ચૂંટણી કાર્યાલયો ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે અને આ કાર્યાલયો પર સતત ચા-નાસ્તાની બોલબાલા રહે છે જે મતદાનના દિવસ સુધી રહેશે. ચૂંટણી કાર્યાલયો પર બપોરના ભોજનથી માંડીને મોડી રાત્રિ સુધી વિવિધ ગરમાગરમ નાસ્તા પીરસવામાં આવે છે જેમાં આજે પણ દેશી ભજીયા-ગોટાના નાસ્તાની બોલબાલા જળવાયેલી જોવા મળી રહી છે અને આ કાર્યાલયોના કારણે શહેરમાં કેટરીંગના વ્યવસાય કરનારાઓને તડાકો પડી જવા પામ્યો છે.

શહેરમાં ચૂંટણી કાર્યાલયો પર ચા-ન્નાસ્તાની જયાફતોના કારણે કાર્યકરોની હાજરીથી માંડીને મતદારો તેમજ ટેકેદારોની બેઠક જામે છે જે ચૂંટણીના માહોલને સજાવે છે. ચૂંટણી કાર્યાલયો પર ઉમેદવારો દ્વારા કાર્યકરોને સોંપવાના કાર્યોની વહેંચણીથી માંડીને વ્યુહરચના સુધીના કાર્યો કરવામાં આવે છે. આ ઉપરાંત વોર્ડના મતદારો કે ટેકેદારોને ઉમેદવારોને મળવું હોય તો ચૂંટણી કાર્યાલય પર આસાનીથી મળી શકે છે અને પોતાની વાત રજુ કરી શકે છે. આ કારણે મતદારો-ટેકેદારોની અવરજવરથી માંડીને પક્ષના હોદ્દેદારો-કાર્યકરો સહિત તમામ માટે ચૂંટણી કાર્યાલય પર ચા-નાસ્તાની વ્યવસ્થા હોય છે તેમજ સવાર-સાંજના ભોજનની પણ સગવડ કરાય છે. શહેરમાં ૧૧ વોર્ડમાં ત્રણેય મુખ્ય પક્ષો ઉપરાંત અન્યના પણ ચૂંટણી કાર્યાલયો મળીને વોર્ડ દીઠ ૯ થી ૧૦ ચૂંટણી કાર્યાલયો હોય છે તે જોતાં શહેરમાં અત્યારે અંદાજે ૧૦૦ થી વધુ ચૂંટણી કાર્યાલયો છે. આ તમામ પર ભોજન-નાસ્તાની સુવિધાના ઓર્ડરને પગલે શહેરમાં કેટરીંગનો વ્યવસાય કરનારાઓ અત્યારે તેજીમાં છે અનેક વિસ્તારમાં તો ભાજપ-કોંગ્રેસ કે આમના ચૂંટણી કાર્યાલયો નજીક નજીક હોય છે અને દરેકના કાર્યાલયમાં એક જ કેટરર્સનો ઓર્ડર હોય તેવું પણ બને છે. જેના કારણે કેટરર્સની દોડાદોડ બધી તરફ જોવા મળતી હોય છે.

વિવિધ નાસ્તા પીરસાય છતાં ભજીયાં-ગોટાં આજે પણ હોટ ફેવરીટ

ચૂંટણી કાર્યાલયો પર અત્યારે દરરોજ જુદા જુદા ગરમાગરમ નાસ્તા પીરસવાની પ્રથા જોવા મળી રહી છે. જેમાં ભજીયા, બટાકાવડા, મેથીના ગોટા, ઈડલી-સંભાર, સેવ-ઉસળ, પાપડી-ગાંઠીયા, બટાકા પૌઆ, ઢોકળા, પાતરાં, કટલેસ, વણેલા ગાંઠીયા, ફાફડાં વગેરેથી માંડીને ભાજીપાઉ સુધીના નાસ્તા પીરસાતા જોવા મળ્યાં હતા પરંતુ આ તમામમાં ભજીયા-બટાકાવડાની સૌથી વધુ બોલબાલા જોવા મળે છે કેમકે તે ચા સાથે ખાવાનુ બધા પસંદ કરે છે.

ભાજપ દ્વારા ૨૦ કિલોમીટર લાંબા રોડ શોનું આયોજન

કોર્પોરેશન ચુંટણીને લઈને ભાજપનું શક્તિ પ્રદર્શન : ભાજપની રેલીમાં ભાજપના તમામ દિગ્ગજ નેતાઓ, પેજ પ્રમુખો સંગઠન નેતાઓ, વિવિધ સેલના હોદ્દેદારો જોડાયા

ગાંધીનગર, તા.૧

કોર્પોરેશન ચૂંટણીના જંગને પગલે રાજકીય વાતાવરણ જામ્યું છે. ત્યારે આજે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં પેથાપુર મહારાણા પ્રતાપ સર્કલથી કુડાસણ સરદાર

ચોક સુધીના ૨૦ કિલોમીટર લાંબો ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાજપના શક્તિ પ્રદર્શનમાં ટ્રકથી માંડીને કાર, બાઈક સહિત સેંકડો વાતાવરણની લાંબી લાઈન જોવા મળી હતી. આ શક્તિપ્રદર્શનના કારણે સમગ્ર ગાંધીનગરમાં ઠેરઠેર ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. ભાજપની રેલીમાં ભાજપના તમામ દિગ્ગજ નેતાઓ પેજ પ્રમુખોસ સંગઠનના નેતાઓ, વિવિધ સેલના હોદ્દેદારો મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા. કોર્પોરેશનના ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે તમામ પાર્ટીઓએ પ્રચારમાં પોતાની તમામ શક્તિ કામે લગાડી હતી.

આમ આદમી પાર્ટી ભાજપ કોંગ્રેસનાં મતોનું વિભાજન કરીને બંન્ને પાર્ટીઓને નુકસાન પહોંચાડી શકે, આપ માટે અંડર કરંટ હોવાનું સામે આવ્યા બાદ ભાજપમાં હડકંપ મચી ગયો હતો. નવા ભળેલા ૧૮ ગામડાઓ પર તમામ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું. ભાજપ દ્વારા પોતાના તમામ મશીનરી કામે લગાડી દેવામાં આવી હતી. ભારે વિરોધ વચ્ચે કોર્પોરેશનને સમાવી અત્રે મતદારો મહત્વના બની ગયા છે. જેના પગલે છઁ અને કોંગ્રેસ આજે ભાજપે પણ પોતાની રેલીની શરૂઆત પેથાપુરથી જ કરી હતી.

ભાજપે કોર્પોરેશનની ૧૧ બેઠક પર ૪૪ સીટ જીતના દાવા સાથે પ્રચાર કરીને તમામ મશીનરી કામે લગાડી દીધી છે. પ્રદેશ અધ્યક્ષે સી.આર પાટીલને કહ્યું કે, ભાજપ કાર્યકર્તાઓથી બનેલી પાર્ટી છે. લોકોની વચ્ચે રહીને લોકોની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે પ્રજાની વચ્ચે રહેતી હોય છે. ગાંધીનગરની કુલ વસ્તીના પ્રમાણમાં વિકાસ થઈ રહી છે. ગાંધીનગરના મતદારોને પણ ખ્યાલ છે. આ ચૂંટણીમાં પણ પૂર્ણ બહુમતીથી જીત મેળવીશું. મુખ્યમંત્રી અને સીઆર પાટીલે ફુગ્ગા ઉડાવીને રેલીનો પ્રારંભ કરાવ્યો હતો.

ગ્રામ્ય વિસ્તારમાં ૫૩૯ લોકોના લોહીના નમૂના લેતુ મેલેરિયાતંત્ર

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મેલેરિયાની ૬૯૦ થી વધુ ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯૮૨ જેટલા ઘરોમાંથી મચ્છરોના પોરા મળી આવતાં તંત્રની ટીમ દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.

આજે સર્વેલન્સ દરમ્યાન ૨,૩૩,૯૫૮ની વસ્તીને આવરી લેવામાં આવેલ હતી. તંત્રની ટીમો દ્વારા ૫૩૯ જેટલા શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂના મેળવી અને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે. ૧૨૦૦ થી વધુ મચ્છર ઉત્પત્તિ સ્થાનો પણ શોધી અને તંત્રની ટીમો દ્વારા તેનો નાશ કરવામાં આવ્યો છે.

ગુડાની કચેરીમાં પાન મસાલા ખાઈ ગંદકી કરનારને હવે દંડ થશે

કર્મચારીઓને ટેબલ પર ફાઇલના ઢગ ન થાય તે માટે પણ તકેદારી રાખવા સુચના : વિજળીનો બગાડ ન થાય તે માટે પણ કારણવગર લાઇટ પંખા એ સી બંધ કરવા સુચના

ગાંધીનગર તા ૧

વહીવટી ગતિવિધિઓથી ધમધમતા નગરમાં અનેક વિધ સરકારી કચેરીઓ કાર્યરત છે. જયારે આ કચેરીઓમાં માટોભાગની આફિસમાં બિનજરૂરી લાઇટ પંખા ચાલુ રહેતા હોવાનુ અનેકવાર મુલાકાતીઓના ધ્યાને આવે છે. વિજળીના આ બગાડ સામે જાગૃત નાગરિકોનુ મોં વંકાય છે. પરંતુ સુફિયાણી વાતો કરતા અફસરોને આ વાતની જરા પણ પરવાહ હોતી નથી. સરકારી કચેરીઓની દિવાલો પણ પાનની પિચકારીથી રંગેલી જોવા મળે છે. સફાઇના અભાવે પણ સરકારી કચેરીઓમાં ગંદકી ખદબદતી જોવા મળે છે. ગુડાની કચેરીનુ તંત્ર આ મામલે અચાનક જ જાગૃત થયુ છે..હવેથી કચેરીમાં ગંદકી કરનારા કર્મચારીઓ પાસેથી દંડ વસુલવામાં આવશે. વિજળીનો બગાડ ન થાય તે માટે પણ કર્મચારીઓને સુચના આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના અધિક કલેકટર દ્વારા કચેરીનુ નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન કચેરીમાં વિવિધ ટેબલ પર ફાઇલોનો રેકર્ડ અસ્તવ્યસ્ત જોવા મળ્યો હતો. આ ઉપરાંત અધિકારીઓ અને કર્મચારીઓ પોતાની જગ્યા પર હાજર ન હોય તેવા કિસ્સામાં પણ લાઇટ એસી પંખા ચાલુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. આ બાબત ગંભીર હોવાનુ સ્પષ્ટ થતા તેમના દ્વારા જરૂરી સુચનાઓ આપવામાં આવી છે જેમાં કચેરીના કર્મચારીઓએ સમય દરમિયાન કોઇકારણોસર પોતાની જગ્યા છોડવાની થાય તેવા કીસ્સામાં લાઇટ પંખા બંધ કરવાના રહેશે. તેમજ અધિકારીઓએ પોતાની કેબિન છોડે ત્યારે ફરજ બજાવતા વર્ગ -૪ કર્મચારીઓએ લાઇટ તેમજ એસી બંધ કરવાના રહેશે. આ ઉપરાંત તમામ કર્મચારીઓએ પોતાની બેઠક આસપાસ રહેલી ફાઇલો રેકર્ડની ગોઠવણી વ્યવસ્થિત કરવાની રહેશે. ફાઇલની જરૂરિયાત ન હોય તેવા કીસ્સામાં ફાઇલો પોતાની તિજોરી અને કબાટમાં મુકવાની તેમજ કામગીરી પુર્ણ થાય બાદ ફાઇલ રેકર્ડ રૂમમાં પહોંડવાની રહેશે. કચેરી ખાતે કામગીરી કરતા કર્મચારીઓએ પણ વ્યસન કરીને જયાં ત્યાં ગંદકી ન થાય તેમાટે પણ હવે વિશેષ સાવધાન રહેવુ પડશે પાન મસાલા ખાઈને ગુડાની કચેરીમાં જયાં ત્યાં ગંદકી કરતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા કર્મચારીઓને કચેરી સમય દરમિયાન પાન મસાલાનુ સેવન બંધ કરવા પણ જણાંવાયુ છે. અને જો આવા કર્મચારી પાન મસાલા ખાતા ધ્યાને આવશે તો તેવા કિસ્સામાં તેમની વિરુધ્ધ શિક્ષાત્મક પગલા ભરાશે.

આજે આર્ટિસ્ટ એસોસિયેશન ઓફ ગુજરાત દ્વારા 'ગાંધી વંદના' કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧

આવતી કાલે દેશભરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૨મી જન્મજયંતિ ઉજવાશે. આર્ટિસ્ટ એસોસિયેશન ઓફ ગુજરાત દ્વારા એક અનેરી પહેલ અંતર્ગત તા.૨ ઓકટોબર શનિવારના રોજ બપોરે ૩ કલાકે ગાંધી જયંતિ નિમિતે અમદાવાદના ગાંધી આશ્રમ ખાતે 'ગાંધી વંદના' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 'ગાંધી વંદના' કાર્યક્રમ અંતર્ગત તા.૨ ઓકટોબર, શનિવારના રોજ ગુજરાતના ફિલ્મ, નાટક, સિરિયલ તથા મ્યુઝિકના સુપ્રસિદ્ધ કલાકાર કસબી મિત્રો તથા આર્ટિસ્ટ એસોસિયેશન ઓફ ગુજરાતના હોદ્દેદારો અને સભ્યો સાથે મળી પૂજ્ય બાપુને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરશે તથા ગાંધી વંદના કરશે.

આ ઉપરાંત વિશેષ કાર્યક્રમ અંતર્ગત આંતરરાષ્ટ્રિય ખ્યાતનામ અને ગુજરાત ગૌરવ પુરસ્કારથી સન્માનિત નૃત્યકાર બેલડી ભરત બારીયા અને નૃત્યાવલી ગ્રુપના અક્ષય પટેલ દ્વારા નૃત્ય દ્વારા પૂજ્ય બાપુને યાદ કરી નૃત્યાંજલી, પુષ્પાંજલિ તથા ભાવાંજલિ અર્પણ કરાશે. ગાંધી આશ્રમ ખાતે બપોરે ૩ થી ૪ વાગ્યા સુધી યોજાનાર આ કાર્યક્રમમાં નાના મોટા તમામ કલાકારોને જોડાવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમના આયોજનમાં આર્ટિસ્ટ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રમુખ ભગુભાઈ વાળા, મહામંત્રી બિમલ ત્રિવેદી તથા વાઈસ પ્રેસિડેન્ટ પ્રકાશ જાડાવાલા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન લિમિટેડ દ્વારા અમદાવાદ ખાતે આયોજિત સિમ્પોઝિયમ-૨૦૨૧

૧૯૧૯ની સાલથી અસ્તિત્વ ધરાવતું ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન લિમિટેડ, ભારતમાં બુલિયન ટ્રેડ સામે આવતી સમસ્યાઓ અને પડકારો અંગે સતત કાર્ય કરતુ રહ્યું છે. તાજેતરમાં આયોજિત IBJA સિમ્પોઝિયમ ૨૦૨૧માં, HUID અને હોલમાર્કના નવા કાયદાના વિષય પર પેનલ ચર્ચાનું આયોજન કરાયું. ભારત ગોલ્ડ બુલિયન, ગોલ્ડ જ્વેલરી અને ગોલ્ડ અલંકારોનું વિશ્વનો સૌથી મોટું ગ્રાહક હોવાને કારણે આ કાયદાઓની અસર સમજવી જરૂરી હતી. સુરેન્દ્ર મહેતા અને કરૂણ શાહ બે જાણીતા CA અને હોલમાર્ક તથા HUID વિષયના નિષ્ણાતો દ્વારા ઊંડાણપૂર્વકની ચર્ચાએ કાયદાઓની અસરને સમજાવીને સરળ બનાવી.

જીગર સોની પ્રમુખ, નૈનેશ પંચીગર ઉપપ્રમુખ અને મયુર આદેસરા ઉપપ્રમુખ માને છે કે 'સિમ્પોઝિયમ ૨૦૨૧નું આયોજન વર્તમાન સમયની જરૂરિયાત હતી, કારણ કે સહભાગીઓ અને વેપારીઓના મનમાં અનેક ગેરસમજો પ્રવર્તે છે. પેનલ નિષ્ણાતોએ વિષયોને તમામ આયામોને સ્પર્શ્યા અને સફળતાપૂર્વક દરેકને સમાન ધારણા સુધી લાવ્યા. રાજ્યમાંથી આવતા ડિરેક્ટરો અને એડવાઈઝરી બોર્ડના સભ્યોએ પણ એસોસિશનના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

એચડીએફસી બેંક આગામી બે વર્ષમાં તેનો ગ્રામ્ય સંપર્ક બમણો કરીને ૨ લાખ ગામડાં સુધી પહોંચશે

એચડીએફસી બેંક આગામી ૧૮ થી ૨૪ મહિનામાં તેનો ગ્રામ્ય સંપર્ક વધારીને ૨ લાખ ગામડાં સુધી પહોંચવાની નેમ ધરાવે છે. બેંક તેની શાખાઓનું નેટવર્ક, બિઝનેસ કોરસપોન્ડન્ટસ, બિઝનેસ ફેસિલીટેટર્સ, સીએસસી પાર્ટનર્સ, વર્ચ્યુઅલ રિલેશનશીપ મેનેજમેન્ટ અને ડીજીટલ આઉટરીચ પ્લેટફોર્મ્સ મારફતે આ સંપર્ક વધારવાનું આયોજન ધરાવે છે. આ આયોજનથી બેંક દેશના અંદાજે એક તૃતિયાંશ ગામડાં સુધી પહોંચશે.

એચડીએફસી બેંક હાલમાં એમએસએમઈ ક્ષેત્રને તેની પ્રોડક્ટસ અને સર્વિસીસ ૫૫૦ થી વધુ જીલ્લાઓમાં પહોંચાડી રહી છે. આર્થિક વિકાસ તથા રોજગાર નિર્માણમાં મહત્વના એન્જીન તરીકે ઓળખાતા એમએસએમઈ ક્ષેત્રે બેંકીંગ સર્વિસીસ વિસ્તારવામાં તે અગ્રેસર રહી છે. તેની રૂરલ બેંકીંગ સર્વિસીસ ભારતના ૧ લાખ ગામડાં સુધી પહોંચે છે. આ સંખ્યા બમણી કરીને તે ૨ લાખ ગામડાં સુધી પહોંચવા માંગે છે. આ આ યોજનના ભાગરૂપે કંપની આગામી ૬ માસમાં ૨૫૦૦ લોકોની નિમણુંક કરવાનું આયોજન ધરાવે છે.

સંવેદનનું સ્ટેટસ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

મુનશીની અસ્મિતા એ તમામમાં દિલચસ્પી હતી..સુધુમ ભારતને એક જબરજસ્ત સંચાર ગાંધી નામથી મળ્યો..જેનાં સ્પંદન આખા ઉપખંડના રીચર સ્કેલ ઉપર ફેલાઈ ગયાં...ભારતનો ધબકાર જગતે અનુભવવા માંડયો...

ગાંધી હિમાલય જેવું નામ છે જગતમાં..એ એક સંજીવની છે..એક અતુટ બંધન છે..ભારતનો આત્મા છે..સત્યનું શિખરધ્વજ છે..હજારો વર્ષની જૂની આપણી વેદનનાઓનો ઉપચાર છે. વિવિધતામાં એકતાનો સહચાર છે..ગાંધી વિશે મબલખ લખાય છે..અનેક પુસ્તકો અને ફિલ્મો પ્રવચનો મોટામોટા માણસોએ આપ્યાં છે...મારા જેવા નાનકડા ગામના નાનકડા શબ્દસેવી માટે પણ ગાંધી એ સુખદુઃખનો સધિયારો છે..સહારો છે.. ગુજરાતી ભાષામાં જ લખવાનો આગ્રહ રાખતા મહાત્મા ગાંધીનાં ગુજરાતી લખાણો વાંચ્યા પછી એવું લાગે છે કે એ જો ફકત લેખક થયા હોત તો પણ મહામાનવ જ હોત.આ કેવળ ધારણા કે કપોળ કલ્પના નથી .ગાંધીજીનાં જે લખાણો આપણે વાંચીએ છીએ એ એમની અનેકવિધ જાહેરપ્રવૃતિઓ વચ્ચેની એક કામગીરી હતી..અને એનો ઉદેશ પણ લોકકેળવણી અને રાષ્ટ્રનિર્માણ જેવી બાબતો હતી..આમછતાં એમનાં લખાણો એ આપણી ભાષાના વિકાસમાં એક મહત્વનો મુકામ છે..એમની ગુજરાતી ભાષા એક ઓજસ્વી સાદગીનો એવો ઉજાસ છે જે આપણા ભાવજગતને ઝંકૃત કરી જાય છે..

ગાંધીજીની આસપાસ મહાદેવભાઈ દેસાઈ, કાકાસાહેબ કાલેલકર અને સ્વામીઆનંદ જેવા સમર્થ ગુજરાતી સાક્ષરો સતત હતા..એ ત્રણેય દિગ્ગજો અદ્ભૂત લેખનશૈલી ધરાવતા હતા અને ગાંધીજીથી પ્રભાવિત હતા.. એકવખત અમદાવાદમાં ટાગોરનું જાહેર પ્રવચન હતું..એ અંગ્રેજીમાં બોલવાના હતા પરંતુ શ્રોતાઓ બધા ગુજરાતી જાણનાર હતા..એનું તુરત ગુજરાતી કરી મેદની સમક્ષ રજુ કરે એવા સાક્ષરની જરૂર હતી. ત્યાં ન.ભો.દિવેટીયા સહિત ઘણા લેખકો હાજર હતા પણ કોઈની હિંમત ચાલી નહીં.. છેવટે બધાએ ગાંધીજીને વિનંતી કરી..અને એમણે કોઈપણ તૈયારી વગર ટાગોરના લાઈવ સંભાષણનું જે લાઈવ ગુજરાતી કર્યું એ જોઈ સૌ કોઈ દિંગ થઈ ગયા હતા..ગાંધીજી પાસે આવું ગજબ સામર્થ્ય હતું. મહાત્મા વિશ્વસાહિત્ય અને ભારતીય ભાષાનાં ઘણાં પુસ્તકોના અઠંગ વાચક હતા. એમાંય જગતના તમામ ધર્મો અને ખાસ કરીને ખ્રિસ્તી ઈસ્લામ અને હિંદુધર્મના પ્રખર અભ્યાસી અને વિશ્લેષ્ક પણ હતા..માનવમનના એ ગજબ પારખુ હતા..રમૂજ એમને સહજ સાધ્ય હતી..ટૂંકાં ટૂંકાં ગુજરાતી વાકયો એ એમના ગદ્યની આગવી કમાલ છે..'સત્યના પ્રયોગો ' માં લેખક તરીકે એમની દરેક છટા જોવા મળે છે..'પહેલો કેસ' પ્રકરણમાં વકિલાત માટે એમને સમજાવવાના પ્રયત્નોની નિષ્ફળતા વર્ણવવા એ એક જ વાકય લખે છે.. 'હું એક ટળી બે ન થયો..' એમાંથી પલાયન થવાની વાત માટે એ લખે છે ..'હું નાઠો' સાદગીની સાથે શબ્દોની કરકસર એમની ભાષાને ચુસ્ત બનાવે છે. પરંતું જરૂર હોય ત્યાં લાંબું પણ લખે છે. એ માનવરસને બરાબર પારખતા હોય એવું ઠેરઠેર અનુભવી શકાય..અબદુલ્લા શેઠ એમને નવાસવા બેરીસ્ટર તરીકે આફ્રિકા બોલાવે છે. પોતે કશું જાણતા નથી એ વાતનો સહજ સ્વીકાર અને પછી લખે છે....'એમણે જાણે સફેદ હાથી બાંધ્યો..' એ પછી પોતે વકિલાતની કામગીરી થોડીક આત્મસાત કરી અને લખ્યું..'હવે હું ધોળો હાથી લગભગ મટી ગયો હતો..' એક જગ્યાએ એ અદભુત નિરીક્ષણ આપે છે..'કાઠીયાવાડમાં પોતાની ખુરશીએ બેઠેલ અમલદાર અને રજા ઉપર ગયેલ વિલાયતમાં ત્યાંના વાતાવરણમાં મળતો એ જ અમલદાર બંનેમાં ભેદ હતો.. ' પોતાના અનુભવને રસપ્રદ રીતે કહેવામાં ગાંધીની તોલે કોઈ ના આવે.

એક જગ્યાએ એ રવિશંકર નામના તમિળ રસોયાનો સંવાદ એની જ ભાષામાં અદભુત આલેખન કરે છે. આપણને આશ્ચર્ય થાય કે શું આ ગાંધી જ લખે છે ? જુઓ રસોયાની ભાષા 'શું ભાઈ શૉબ..શંધ્યોતર્પણ શાંતિડું,કોદાળી ખટકરમ..અમે તો એવા જ ભેમણ તો..તમારા જેવા નભાવે તો નભીએ નીકર છેતી તો છે જ તો.. ' આવા સંવાદો એમની વર્ણનશૈલીને રસપ્રદ બનાવે છે.. ગાંધીજીએ વ્યાપક અને પ્રચુરમાત્રામાં લખ્યું છે..એમનાં ઢગલાબંધ લખાણો જે પોતે લેખક હોવા માટે નથી લખ્યાં આમછતાં એ એકવિધ કે નીરસ નથી લાગતાં...એ વાચકની નાડ બરાબર પારખે છે. કયારેક એની સાથે સીધી વાત પણ કરી લે છે. એને ટપારી પણ લે છે. એક જગ્યાએ પોતાનાં સ્ખલનોનું આલેખન કરી , સહજ અટકી એ લખે છે..'સુજ્ઞ વાચકે આથી વધુ જાણકારીની તાલાવેલી રાખવી નહીં!' તળપદા શબ્દો સ્થાનિક રિવાજો..જરૂરી સંદર્ભો અને ફિલસુફીનો સહજ પટ એ એમની ગુજરાતીને સાક્ષરયુગના લેખકોથી અલગ અને મૌલિક બનાવે છે..એ પછી તો એક આખો યુગ શરૂ થાય છે ગાંધીયુગ!

આપણે સહુ ગુજરાતી વાચકોએ ફરજીયાતપણે 'સત્યના પ્રયોગો' વાંચવી જ જોઈએ..માનવજાતના ઈતિહાસ માં આવા પ્રયોગો કરનાર અને એને નિષ્ઠાપૂર્વક આલેખનાર એક મેવ મોહનદાસ કરમચંદ ગાંધી સત્યના પૂજારી તરીકે કાયમ આપણા હૃદયમાં અંકિત રહેશે...

ખોલવાની તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સાથે જ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ હાઈવેને ખોલવાની છુટ પણ આપી દીધી છે. સુપ્રીમ કોર્ટે આંદોલનોને કારણે હાઈવે બંધ થતા નારાજગી વ્યક્ત કરી હતી. અને કહ્યું હતું કે કોઈ પણ મામલાનું સંસદની ચર્ચા, કોર્ટોની સુનાવણી અને આંદોલનો દ્વારા નિરાકરણ લાવી શકાય છે. પણ તેના માટે હાઈવે જામ કરવા ઠીક નથી. આ સાથે જ કોર્ટે કેંદ્ર સરકારને આ મામલે દાખલ અરજીમાં ખેડૂત સંગઠનોને પણ પક્ષકાર બનાવવાની છુટ આપી દીધી છે અને વધુ સુનાવણી સોમવાર સુધી મુલતવી રાખી હતી. આકામક નિવેદન આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ખેડૂતોને ધરણા પ્રદર્શનનો અધિકાર છે પણ રોડ રસ્તાને અનિશ્ચિત સમય માટે જામ ન કરી શકાય. સરકારને અગાઉ સુપ્રીમે આંદોલનો દ્વારા થતા હાઈવે જામનું નિરાકરણ લાવવા પણ કહ્યું હતું. કેન્દ્ર સરકારના કૃષિ કાયદાઓનો વિરોધ કરવા ખેડૂતો ગયા વર્ષે નવેમ્બર મહિનાથી દિલ્હીની અલગ અલગ સરહદો પર ધરણા પ્રદર્શન કરી રહ્યા છે. જેને પગલે અનેક રૂટને ડાયવર્ટ પણ કરવા પડી રહ્યા છે અને અનેક સૃથળે ટ્રાફિક જામ થઈ રહ્યો છે. નોઈડાના રહેવાસી મહિલા મોનિકા અગ્રવાલ તરફથી દાખલ અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી હતી.

જીએસટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિનામાં ૮૬૪૪૯ કરોડ, જુલાઈમાં ૧.૧૬ લાખ કરોડ અને જુન મહિનામાં ૯૨૮૪૯ કરોડ રૂપિયા નોંધાયુ હતુ.

ગુજરાતની વાત કરવામાં આવે તો રાજયમાંથી ૭૭૮૦ કરોડ રૂપિયા જીએસટી કલેક્શન સપ્ટેમ્બર મહિનામાં થયુ છે. મોટાભાગના રાજ્યોમાં જીએસટી કલેક્શનમાં ગયા વર્ષના સપ્ટેમ્બર મહિનાના મુકાબલે વધારો નોંધાયો છે. અન્ય રાજ્યોમાંથી થયેલુ જીએસટી કલેક્શન મુજબ જમ્મુ કાશમીર ૩૭૭ કરોડ, હિમાચલ પ્રદેશ ૬૮૦ કરોડ, પંજાબ ૧૧૯૪ કરોડ, દિલ્હી ૩૬૦૫ કરોડ, યુપી ૫૬૯૨ કરોડ, બિહાર ૮૭૬ કરોડ અને પશ્ચિમ બંગાળ ૩૩૯૩ કરોડ છે.

ટ્રાફિક જામના દૃશ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રીના રોડ શો ને અનુલક્ષી પીંપળજ પાસે ડાયવર્ઝન આપ્યુ હતુ. જેના લીધે મહુડી , માણસા અને મહેસાણા તરફથી આવતા વાહનોને અનુલક્ષી રાંધેજા બાલવા ચોકડી પાસે ચક્કાજામની સ્થિતિ જોવા મળી હતી. નગરના મુખ્યમાર્ગો પર પણ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સર્કલ પાસેથી પસાર થતા રોડ શો દરમિયાન જંકશન પર ટ્રાફિક જામ રહ્યો હતો. સેકટરોના આંતરિક માર્ગો પર પણ પ્રચારમાં જોડાયેલા કાર્યકર્તાઓના લીધે સતત અવરજવર રહી હતી. ડી જે ના સુર વચ્ચે બાઈક રેલી ના લીધે પણ સેકટરો ગાજતા રહ્યા હતા. સે-૨૪ માં પણ આમ આદમી પાર્ટીની બાઈક રેલીના લીધે ભીડ જામી હતી. ચુંટણી પ્રચારના અંતિમ દિવસે શહેરમાં રાજકીય ઉત્તેજના પ્રબળ બની હતી. જયારે નાગરિકોમાં પણ કોર્પોરેશની ચુંટણીનો ત્રિપાંખીયો જંગ સતત ચર્ચા સ્થાને રહ્યો હતો. પ્રચાર પડઘમ શાંત પડી ગયા છે. ત્યારે હવે મતદાનના દિવસે મતદારોનો જોક કઈ તરફ જોવા મળે છે તે તરફ ઉમેદવારો તેમજ રાજકીય પક્ષોની મીટ મંડરાઈ છે. કયા પક્ષને કેટલા મત મળશે તે મામલે સતત સર્વેના અંતે નવી નવી વાતો સામે આવી રહી છે. મતદારોએ પણ આ વખતે નેતાઓને પોતાના મન જરા પણ કળવા દીધા નથી ત્યારે ચુંટણી પરિણામ વિશે અનેક તર્ક વિતર્કો સેકટરોની શેરીઓમાં ચર્ચાનો વિષય બની છે.